Children's RESEARCH UNIVERSITY

Volume I, Issue I
January, 2025

# CRU NEWSLETTER

Editor :
Dr. Rajesh Chauhan

*A newsletter for friends of CRU Gandhinagar*

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા

# ફિટ ઈન્ડિયા વીકની ઉજવણી કરવામાં આવી

**તા. ૦૨-૦૧-૨૦૨૫, ગાંધીનગર**



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના પ્રિનેટલ કેર વિભાગ દ્વારા ૨૩ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન પ્રિનેટલ કેર વિભાગ દ્વારા UGCની ફિટ ઇન્ડિયા સપ્તાહની ૬ઠ્ઠી આવૃત્તિની ઉજવણી કરવામાં આવી હતી. ફિટ ઇન્ડિયા વીકના પ્રથમ દિવસે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના લગભગ ૨૦ સ્ટાફ સભ્યોએ યોગ સત્રમાં ભાગ લીધો હતો. સાથે જ તમામ સ્ટાફગણે સ્વસ્થ રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. બીજા દિવસે વિવેકાનંદ સંસ્કાર તપોવન ખાતે યોગ સત્ર યોજાયું હતું. આ સત્રમાં કુલ ૬૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યોગ સત્રના અંતે તેમણે હંમેશાં સક્રિય અને તેમની ફિટનેસ પ્રત્યે સાવચેત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી.ત્રીજા દિવસની ઉજવણીમાં વિવેકાનંદ સંસ્કાર તપોવન ખાતે ૬૩ વિદ્યાર્થીઓ વચ્ચે ફિટ ઇન્ડિયા થીમ પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ચોથા દિવસે યોગના સત્ર અને ફિટ ઇન્ડિયા થીમ સાથે પોસ્ટર બનાવવાની સ્પર્ધા સાથે ફિટ ઇન્ડિયા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

આ સંયુક્ત સત્રમાં ૬૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સપ્તાહના પાંચમા દિવસે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સંચાલિત વિદ્યાવાટિકાના વિદ્યાર્થીઓ માટે યોગ સત્ર યોજવામાં આવ્યું હતું. આ સત્રમાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ યોગની પ્રેક્ટિસ કરી સત્રનો આનંદ માણ્યો હતો.

# 'ગણિત સાથે ગમ્મત'

**તા. ૦૪-૦૧-૨૦૨૫, ગાંધીનગર**



ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન, ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી દ્વારા તા. ૪/૧/૨૦૨૫ ના રોજ હોલી ચાઈલ્ડ સ્કૂલ, કલોલના ગણિત અને વિજ્ઞાનના ૨૧ શિક્ષકો માટે 'ગણિત સાથે ગમ્મત' વિષય પર એક દિવસીય કાર્ય શાળાનું આયોજન થયું હતું. આ કાર્ય શાળાનું ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 'Playful Mathematics For School' વિષય પર Dr. Harshul Brahmbhatt દ્વારા ચાલી રહેલ રિસર્ચ પ્રોજેક્ટ અને ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન દ્વારા એક્ષ્ટેંશન કાર્યક્રમના ભાગ રૂપે આયોજન કરવામાં આવેલ હતું. શિક્ષકો દ્વારા વર્ગખંડમા ગણિતને ગમ્મત સાથે રજૂ કરવાની પ્રવુતિઓનો ખ્યાલ આ કાર્યક્રમમાં મેળવવામાં આવ્યો હતો.

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા

# એક દિવસીય નેશનલ કોન્ફરન્સ

## "Building Bridges: Parenting, Community and Inclusion in Early Childhood"નું આયોજન

**તા. ૦૫-૦૧-૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિટી અને સ્પેશિયલ એજ્યુકેશન દ્વારા આજ રોજ એક દિવસીય નેશનલ કોન્ફરન્સ "Building Bridges: Parenting, Community and Inclusion in Early Childhood"નું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત નેશનલ કોન્ફરન્સના ઉદ્ઘાટન સત્રમાં ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેનશ્રી તેમજ પેરેન્ટિંગ ફોર પીસના ફાઉન્ડર શ્રી હસમુખ પટેલ મુખ્ય વક્તા અને અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જાણીતા નિષ્ણાતો, શિક્ષકો અને નીતિ ઘડવૈયાઓ સહિત ૮૦થી વધુ પ્રતિનિધિઓની સહભાગિતા જોવા મળી હતી. આદરણીય શ્રી હસમુખ પટેલ, ચેરમેન, જીપીએસસી એ પોતાના બીજ વક્તવ્યમાં ૨૧મી સદીનું પેરેન્ટિંગ સૌથી પડકારજનક ગણાવતાં જણાવ્યું હતું કે, આજે આપણે એવી જીવનશૈલી અપનાવી છે કે, જેમાં આપણા બાળકો માટે કે પરિવાર માટે આપણી પાસે સમય નથી. આપણી જેમ આપણે બાળકોને પૈસા કમાવવાની દોડમાં સામેલ કરી દીધા છે. બાળક આજે સમાજથી દૂર થઈ રહ્યું છે. ઘરમાં પ્રસન્નતા દૂર થઈ ગઈ છે. આજે સંયુક્ત કુટુંબનું સ્થાન વિભક્ત કુટુંબે લઈ લીધું છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે, માતાપિતાને એક જ બાળક હોવું એ બાળકના વિકાસમાં સૌથી મોટો અવરોધ છે. સગીરાવસ્થામાં માતાપિતાને સમસ્યાઓનો ખૂબ સામનો કરવો પડે છે. કેમ કે, તેઓએ બાળકના બાળપણમાં પૂરતો સમય આપી શક્યા નથી. આપણે આપણાં બાળકોને શેરીઓમાં રમવા માટેના મેદાન નથી, જેથી ગેમઝોન જેવી દુકાનોમાં બાળકોને રમવા લઈ જવાં પડે છે. જેને કારણે રાજકોટ જેવી દુઃખદ ઘટનાઓ થાય છે. રમતો વિસરાઈ ગઈ છે. આ કેવી જિંદગી થઈ ગઈ કે બાળકોને રમવા માટે દુકાનોમાં લઈ જવાં પડે છે.




આ પ્રસંગે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાએ સર્વાંગી બાળવિકાસને લઈ યુનિવર્સિટીમાં કાર્યરત વિવિધ પ્રકલ્પો અને આયામો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ઉદ્ઘાટન સત્ર બાદ પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેરપર્સન તરીકે યુનિવર્સિટીની ગિજુભાઈ બધેકા ચેર પ્રોફેસર ડૉ. ટી.એસ. જોશી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં એક્સપર્ટ્સ તરીકે ડૉ. ધવલ વ્યાસ, ડૉ. હેમંત મૌર્ય, ડૉ. ધનંજય દેશમુખ અને ડૉ. દિલીપ શર્માએ બાળવિકાસને લગતી ચર્ચાઓ કરી હતી. ત્યાર બાદમાં કોન્ફરન્સમાં ભાગ લેનાર તમામ સહભાગીઓએ પોતાનાં સંશોધન પેપર રજૂ કર્યાં હતાં. સમાપન સત્રમાં બ્લાઈન્ડ પીપલ્સ એસોસિયન, ભારતના મહામંત્રીશ્રી ડૉ. ભુષણ પુનાની ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિટી અને સ્પેશિયલ એજ્યુકેશન દ્વારા કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સ અંગે જણાવતાં ડિપાર્ટમેન્ટ હેડ ડૉ. નીલેશ પંડ્યા જણાવ્યું હતું કે, આ નેશનલ કોન્ફરન્સમાં રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાંથી ૭૦થી વધુ સહભાગીઓએ ભાગ લીધો હતો. તેઓએ કોન્ફરન્સ માટે જમા કરાવેલ સંશોધન પેપરને પુસ્તક સ્વરૂપે આજે માનનીયશ્રી હસમુખ પટેલ, ચેરમેનશ્રી, જીપીએસસી અને કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગના અધ્યાપક ડૉ. ધર્માંશુ વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

# ડાયેટિક્સ ડેની ઉજવણી

**તા. ૧૦-૦૧-૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના સ.જીષ્ઠ ફૂડ્સ એન્ડ ન્યુટ્રીશન ના વિદ્યાર્થીઓ દ્વારા ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ડાયેટિક્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી, ડૉ. ક્રિષ્ના ઠક્કર ના માર્ગદર્શન હેઠળ. માનનીય વાઈસ ચાન્સેલર પ્રો.સંજય ગુપ્તાના આશીવચન સાથે કાર્યક્રમની શરૂઆત થઈ.



આ ઉજવણીની મુખ્ય વિશેષતા ડૉ. પિનલ ધોલારા (ક્લિનિકલ ડાયેટિશિયન) નું વક્તવ્ય હતું , જેમણે ડાયેટિશિયનની આગામી પેઢી માટે અસરકારક કારકિર્દી બનાવવા અને નાના બાળકો માટે જરૂરી પોષણ ટિપ્સ માટે વાત કરી હતી . આ સત્રમાં શિશુપરામરર્શનના વાલીઓ અને ફેકલ્ટી સભ્યોએ હાજરી આપી હતી.

દિવસ ઉર્જાસભાર હતો, જેમાં પ્રેરક વાર્તાલાપ, બાળકો માટે મનોરંજક શૈક્ષણિક રમતો અને માતા-પિતાને શિક્ષિત કરવાના હેતુથી, સંતુલિત આહાર અને આવશ્યક પોષક તત્વો પર ઈન્ટરેક્ટિવ વિઝ્યુઅલ ડિસ્પ્લે દર્શાવવામાં આવ્યા હતા. વધુમાં, વિદ્યાર્થીઓએ લાભાર્થીઓ માટે મ્ૈં ગણતરી કરી પોષણ સ્તર ની જાણકારી આપી હતી.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીમાં કર્તવ્યબોધ કાર્યક્રમ ઉજવાયો

**તા. ૧૮-૦૧-૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એકમ દ્વારા કર્તવ્યબોધનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મુખ્ય વક્તા તરીકે પુનરુત્થાન વિદ્યાપીઠના મા. કુલપતિશ્રી શ્રીમતી ઈન્દુમતીબહેન કાટદરે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે કર્તવ્યનો અર્થ આપી સંશોધનની પરિભાષામાં તેનો યોગ્ય અર્થ સમજાવ્યો હતો. આ ઉપરાંત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રોફે. સંજય ગુપ્તા, એકમના પ્રમુખ ડો.મહેન્દ્ર પટેલ, મહામંત્રી શૈલેષભાઈ બ્રહ્મભટ્ટ સહિત કારોબારી સભ્યો અને સૌ સભ્યો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, આ કર્તવ્યબોધ કાર્યક્રમ ૧૨મી જાન્યુઆરી (સ્વામી વિવેકાનંદની જન્મજયંતી)થી માંડી ૨૩ જાન્યુઆરી (સુભાષચંદ્ર બોઝ, નેતાજીની જન્મજયંતી) વચ્ચેના સમયગાળામાં ઉજવાય છે. તે કર્મચારીઓને પોતાના કર્તવ્ય પ્રત્યે સજાગ રહેવા અને પ્રતિબદ્ધ રહેવા પ્રેરણા પૂરી પાડે છે. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીનો શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ, પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં શ્રોતાઓ જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ભૈરવી દીક્ષિતે કર્યું હતું અને આભારવિધિ એકમના સહમંત્રી ડો.સંજય પટેલે કરી હતી.



## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા

# શ્રી મુકુલ કાનિટકરજીના પુસ્તક 'બનાયે જીવન પ્રાણવાન' પર પ્રેરણાદાયી ચર્ચાનું આયોજન

**તા. ૨૦-૦૧-૨૦૨૫, ગાંધીનગર**




ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા પ્રખ્યાત વિચારક અને શિક્ષણવિદ શ્રી મુકુલ કાનિટકરજી દ્વારા લખાયેલ પુસ્તક 'બનાયે જીવન પ્રાણવાન' પર એક ચિંતનપ્રેરક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ યુનિવર્સિટીના કેમ્પસમાં યોજાયો હતો, જેમાં વિદ્વાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ પુસ્તકમાં રજૂ કરાયેલા વિચાર-પ્રેરક વિચારોનું ઊંડાણમાં જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત પુસ્તક વાર્તાલાપ સત્રમાં મા. મુકુલ કાનિટકરજી, આઈ વ્યુ પબ્લિશર્સના દેવેન્દ્ર પવારજી ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે માનનીય મુકુલ કાનિટકરજી લિખિત પુસ્તક 'બનાયે જીવન પ્રાણવાન' પુસ્તક પર વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં આદરણીય સરસંઘચાલકશ્રી મોહનજી ભાગવતજીના વરદ હસ્તે દિલ્હી ખાતે તેમજ મહારાષ્ટ્ર ખાતે મા. મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસના વરદ હસ્તે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

વીરમાતા જીજાબાઈ ટેક્નોલૉજી ઈન્સ્ટિટ્યુટ, મુંબઈના માનદ પ્રાધ્યાપકશ્રી તેમજ પુસ્તકના લેખકશ્રી મા. મુકુલ કાનિટકરજીએ પુસ્તક વિશે વાત કરતાં પ્રાણ વિશે ઊંડાણમાં ચર્ચા કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, દરેક બાળક, દરેક વ્યક્તિ અદ્વિતીય છે. ભારતીય સંસ્કૃતિમાં સમાવિષ્ટ તમામ જ્ઞાન વૈજ્ઞાનિક છે. તેઓએ વાસ્તુશાસ્ત્ર, ઋતચર્યા, આયુર્વેદ સહિતના તમામ ગ્રંથોની વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજ પૂરી પાડી હતી. તેઓએ કહ્યું હતું કે, વિવિધ શાસ્ત્ર ગ્રંથોમાં સમાવિષ્ટ તત્ત્વોને આ પુસ્તકમાં સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સાથે શ્રી મુકુલ કાનિટકરજીએ ઉપસ્થિત તમામ શ્રોતાઓને મુદ્રાભ્યાસ દ્વારા પ્રાણની અનુભૂતિ કરાવી હતી.

આ પ્રસંગે યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાએ પુસ્તકના મહત્ત્વ વિશે વાત કરી હતી, સાથે જ ગુજરાતમાં આ પુસ્તકના વાર્તાલાપનું આયોજન ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીમાં કરવા માટે મા. મુકુલ કાનિટકરજીનો આભાર માન્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પબ્લિકેશન અને પબ્લિક રિલેશન બ્રાન્ચના અધ્યક્ષશ્રી ડૉ. નીલેશ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી પ્રો. અર્જુનસિંહ રાણા તેમજ આભારવિધિ ડૉ. કૃણાલ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુનિવર્સિટી સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જેન્ડર રિસોર્સ સેન્ટર તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે

# બે દિવસીય જેન્ડર સેન્સિટાઇઝેશન પ્રોગ્રામનું આયોજન

**તા. ૨૦-૦૧-૨૦૨૫, ગાંધીનગર**



ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને જેન્ડર રિસોર્સ સેન્ટર તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦ અને ૨૧/૦૧/૨૦૨૫ એમ બે દિવસ માટે સસ્ટેનિંગ ઈક્વાલિટી થ્રૂ યુનિવર્સિટી (SETU) અંતર્ગત જેન્ડર સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે યોજાવામાં આવ્યો હતો. જેનો મુખ્ય હેતુ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે સમાજમાં વ્યાપક જાતિભેદનાં દૂષણ તથા મહિલાઓને સામાજિક વિકાસમાં સમાન ન્યાય અને તકો મળી રહે અને તેઓ પોતાના અધિકારો તરફ જાગૃત થાય એ માહિતી આપવાનો હતો. જેમાં પ્રથમ દિવસે GRCમાંથી આવેલા અધિકારીશ્રી મહેન્દ્રભાઈ મકવાણા તથા શૈલેન્દ્રકુમારી ઝાલાએ ક્રમશઃ POSH Act ૨૦૧૩ તથા જાતિભેદભાવ અને તેની જીવન પર અસર વિષય પર પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. બીજા દિવસે સામાજિક વિકાસનાં ક્ષેત્રમાં અગ્રેસર રહેલા શ્રી ગૌરવ ઠક્કરે પ્રવૃત્તિલક્ષી અભિગમ દ્વારા જાતિભેદમાં આયામો વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે જાતિભેદ અંગે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



---

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગર, વિદ્યાભારતી શોધ વિભાગ, ગુજરાત પ્રદેશ અને કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે

# એક દિવસીય આંતરરાષ્ટ્રીય શિક્ષા પરિસંવાદ યોજાયો

**તા. ૨૧-૦૧-૨૦૨૫, ગાંધીનગર**



શ્રી સહયોગ સરસ્વતી વિદ્યાલય, ગાંધીધામ મુકામે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગર, વિદ્યાભારતી શોધ વિભાગ, ગુજરાત પ્રદેશ અને કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય શિક્ષાપદ્ધતિ એક વ્યવહારિક સ્વરૂપ' વિષય પર એક દિવસીય આંતરરાષ્ટ્રીય શિક્ષા પરિસંવાદ યોજાયો. આ પરિસંવાદમાં ૩૯૧ શોધ છાત્રો, અધ્યાપકો, બી.એડ. અને એમ.એડ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાભારતી પ્રદેશ અધ્યક્ષ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. નીતિનભાઈ પેથાણી, કચ્છના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગરના પ્રો. રણજિતસિંહ પવાર, કચ્છ યુનિવર્સિટીના ડૉ. અતુલ કનૈયા, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને કેન્દ્રીય શિક્ષણ સંસ્થાનના સભ્યશ્રી દિવ્યાંશુભાઈ દવે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યવાહશ્રી મહેશભાઈ ઓઝાનું પ્રેરક માર્ગદર્શન મળ્યું હતું. સંતવર્ય શ્રી અક્ષરપ્રિયસ્વામી અને સ્વામિનારાયણ ગુરુકુળના સંચાલક શ્રી મુક્તવલ્લભદાસજી સ્વામીના આશીર્વચન મળ્યાં હતાં.

ભારતીય જ્ઞાનપરંપરા, ભારતીય શિક્ષણ પદ્ધતિ, ભારતીય શિક્ષણપદ્ધતિનું પરંપરાગત માળખું, પંચકોશ વિકાસ, શિક્ષણની ભારતીય પંચપદી, અષ્ટાંગ યોગ અને શિક્ષણ, રમત દ્વારા બાળકનું સર્વાંગી વિકાસ, જીવન શિક્ષણ, સમગ્ર વિકાસ માટેનું શિક્ષણ અને તેનું માળખું જેવા અનેક વિષયો પર દેશ અને વિદેશથી આવેલ ૨૭૩ શોધપત્રોનું ઓનલાઇન અને ઓફલાઇન વાચન થયું હતું.

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે

# ૭૬મા પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



**તા. ૨૬-૦૧-૨૦૨૫, ગાંધીનગર**

ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે આજરોજ ૭૬મા પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત આ ઉજવણીમાં મહેસાણા જિલ્લાના મનરેગાના લોકપાલ શ્રી ગિરીશ શર્મા તેમજ સામાજિક કાર્યકર અને યુનિવર્સિટીના શોધછાત્ર શ્રી ગૌરવ ઠક્કર વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.



૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તા, અતિથિ વિશેષ શ્રી ગિરિશ શર્મા અને શ્રી ગૌરવ ઠક્કરના વરદ હસ્તે યુનિવર્સિટી પરિસરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ સાથે વિદ્યાવાટિકાનાં બાળકો દ્વારા વેશભૂષા થકી સાંસ્કૃતિક પ્રસ્તૃત રજૂ કરવામાં આવી હતી, જેનાથી સમગ્ર યુનિવર્સિટી પરિસરમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો.



આ પ્રસંગે યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. નીલેશ પંડ્યા અને સમગ્ર યુનિવર્સિટી પરિવાર તેમજ વિદ્યાવાટિકામાં ભણતાં બાળકો અને તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. શિલ્પા વાળા અને સંચાલન શારીરિક શિક્ષણની શોધછાત્ર કુંદન માકાણી દ્વારા કરવામાં આવ્યું હતું.